તડકેશ્વરની ઘટનામાં બે એક્ઝિક્યુટિવ અને એક નાયબ કાર્યપાલક ઇજનેર સામે કાર્યવાહી

ટાંકી તૂટવાની ઘટનામાં બે અધિકારી સસ્પેન્ડ

પોલીસ ફરિયાદ દાખલ, કોન્ટ્રાક્ટરોનું પેમેન્ટ પણ મુખ્યમંત્રીની સૂચનાથી અટકાવાયું

21 કરોડના ખર્ચે બનેલી નવનિર્મિત ટાંકીમાં 9 લાખ લિટર પાણી ભરતાં જ તૂટી પડી હતી

ગાંધીનગરઃ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તાડકેશ્વર ગામે નિર્માણ પામેલી પાણીની ટાંકી ટેસ્ટિંગ દરમિયાન જ ધરાશાયી થઈ જતાં નબળા બાંધકામ તથા ભ્રષ્ટાચારના મામલે બારે હોબાળો મચી જવા પામ્યો છે. સમગ્ર મામલે સીએમ ભૂપેન્દ્ર પટેલની સીધી સૂચના હેઠળ રાજ્ય સરકારે હવે આકરા પગલા લીધા છે.

ટાંકી ધરાશાયી થવાની ઘટનામાં સીધી બેદરકારી જણાતા રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક અસરથી બે ઉચ્ચ અધિકારીને ફરજ પરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જેમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના બે એક્ઝિ. ઈજનેર રજનીકાંત ચૌધરી તથા અંકિત ગરાસીયા અને ના.કા. ઈજનેર જય ચૌધરીને તાત્કાલીક અસરથી સ્સપેન્ડ કરી દેવાયા છે. જ્યારે સરકાર તરફથી સમગ્ર ઘટના સંદર્ભે જવાબદોરો સામે પોલીસ ફરિયાદ પણ દાખલ કરાઈ છે. મુખ્યમંત્રીની સીધી સૂચના હેઠલ તાત્કાલિક અસરથી કોન્ટ્રાકટરોનું પેમેન્ટ પણ અટકાવી દેવા સૂચના અપાઈ છે.

આ સમગ્ર પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને ઈજારદારને નોટિસ આપવામાં આવી છે અને એજન્સીના તમામ ચૂકવણાં અટકાવવામાં આવ્યા છે. સરકારના આ કડક વલણથી ભ્રષ્ટાચારી અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આજે સાંજે સીએમ ભૂપેન્દ્ર પટેલ દિલ્હીથી પરત આવતા તેમણે આ નિર્ણય લીધો હતો.

વિકાસના નામે દક્ષિણ ગુજરાતમાં ફરીથી ભ્રષ્ટાચારની ઘટના બની છે. સુરત જિલ્લાના અરેઠ તડકેશ્વર ગામે બનેલી નવનિર્મિત પાણીની ટાંકી ધરાશાયી થવાનો મામલો હવે રાજ્યભરમાં વિવાદનો મુદ્દો બન્યો છે.

રૂ. 21 કરોડની માતબર રકમથી બનેલ સરકારી ગાયપગલા પાણી પુરવઠો યોજના હેઠળ 33 ગામોને પીવાનું પાણી આપવા માટે બનાવવામાં આવેલી 11 લાખ લિટર ક્ષમતાવાળી ટાંકી ટેસ્ટિંગના નામે માત્ર 9 લાખ લિટર પાણી ભરતાં જ તૂટી પડી જમીનદોસ્ત થઈ ગઈ હતી.

GPSC પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવાની તારીખો જાહેર

ગાંધીનગરઃ ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી) દ્વારા જાન્યુઆરી ફેબ્રુઆરીમાં લેવાના 7 જુદી જુદી ભરતી પરીક્ષાઓ માટે કોલ લેટર ડાઉનલોડ કરવાની તારીખ જાહેર કરવામાં આવી છે.

જીપીએસસીના જણાવ્યા મુજબ અધિક્ષક વિજિલન્સ ઓફિસર વર્ગ ૩ની ભરતી પરીક્ષા 28 જાન્યુઆરીના રોજ લેવાના છે. જેનો કોલ લેટર આજે 20 જાન્યુઆરીથી ડાઉનલોડ કરી શકાશે. જ્યારે અન્ય જુદી જુદી છ પરીક્ષા માટેના કોલલેટર ફેબ્રુઆરી મહિનાની અલગ અલગ તારીખે ડાઉનલોડ કરી શકાશે. જેમાં રહસ્ય સચિવ વર્ગ-૨ પરીક્ષાનો કોલ લેટર તા. 6 ફેબ્રુઆરી 2026, દંતસર્જનની પરીક્ષા માટે તા. 7 ફેબ્રુઆરી 2026, નાયબ સેક્શન અધિકારી, નાયબ મામલતદાર પરીક્ષા માટે તા. 11 ફેબ્રુઆરી 2026ના રોજ પ્રવેશ પત્ર-કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનને સીએમએ શુભેચ્છા પાઠવી

ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પણ શુભકામના આપી

ગાંધીનગર : ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા ગુજરાત ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તથા ગુજારત ભાજપના સંગઠના સીનીયર અગ્રણીઓએ આજે નવી દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનને મળીને શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીના કાર્યવાહીમાં ભાગ લેવા માટે બે દિવસથી નવી દૂલ્હી હતા. જો કે આજે સાંજે તેઓ ગાંધીનગર પરત આવી ગયા છે.

નીતિન નબીન ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિયુક્તિ થતાં ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ સમગ્ર ગુજરાત પ્રદેશ ભાજપા પરિવાર તરફથી હાર્દિક શુભકમનાઓ પાઠવી છે.વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, 'રાષ્ટ્ર પ્રથમ, પછી પક્ષ અને અંતે સ્વ' ના આદર્શોને વરેલી ભાજપાને નીતિન નબીનના સંગઠનાત્મક નેતૃત્વમાં નવી ઊર્જા અને ગતિશીલતા મળશે. છેલ્લા બે દાયકામાં સખત મહેનત અને કર્તવ્યનિષ્ઠા સાથે સતત કાર્યરત રહી એક સામાન્ય કાર્યકર્તા થી ભાજપાની રાષ્ટ્રીય અધ્યક્ષની મહત્વપૂર્ણ જવાબદારી સુધીની તેઓની સફર અંત્યંત પ્રેરણાદાયી છે. ભારતીય જનતા પાર્ટી કેડર આધારિત પાર્ટી છે. નીતિન નબીનજીના બહોળા અનુભવથી સંગઠનની બૂથ સ્તરથી રાષ્ટ્રીય સ્તર સુધીની વ્યવસ્થાઓ અને સંગઠનાત્મક કામગીરી વધુ સુદ્રઢ થશે અને ભાજપા સંગઠન વધુ વ્યાપક બનશે.

રાજ્યમાં ઠંડીનો પારો 2થી 4 ડિગ્રી ગગડ્યો

ગાંધીનગરઃ ઉત્તરીયથી ઉત્તર પૂર્વીય પવનની અસર હેઠળ રાજ્યમાં આજે અચાનક ઠંડીનો પારો 2થી 4 ડિગ્રી નીચે ઉતરી ગયો હતો. જેના પગલે સૌરાષ્ટ્રમાં ઠંડી વધી જવા પામી છે. ખાસ કરીને આજે કેશોદમાં 10 ડિગ્રી ઠંડી નોંધાવવા પામી છે. જો કે એક સપ્તાહ સુધી આમ જ ઠંડીનો ચમકારો રહેશે, તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું. સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો નીચે ઉતરી ગયો હતો. રાજ્યમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 15 ડિ.સે., નલિયામાં 11 ડિ.સે., કંડલા પોર્ટ પર 15 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 11 ડિ.સે., અમરેલીમાં 12 ડિ.સે., ભાવનગરમાં 15 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગદરમા 15 ડિ.સે., મહુવામાં 13 ડિ.સે., કેશોદમાં 10 ડિ.સે., અમદાવાદમાં 13 ડિ.સે., ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 14 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 14 ડિ.સે., વડોદરામાં 12 ડિ.સે., સુરતમાં 15 ડિ.સે. અને દમણમાં 15 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

દુનિયાની સેન્ટ્રલ બેન્કો અમેરિકાના ટ્રેઝરી બોન્ડ વેચીને સોનામાં રોકાણ કરી રહી છે

દુનિયાના દેશો અમેરિકાના ટ્રેઝરી બોન્ડ વેચીને સોનું ખરીદી રહ્યા છે, જેને કારણે અમેરિકાના ડોલરનું સામ્રાજ્ય કડડભૂસ થવાનો પ્રારંભ થઈ ગયો છે. લગભગ ત્રણ દાયકામાં પહેલી વાર વૈશ્વિક કેન્દ્રીય બેંકો દ્વારા રાખવામાં આવેલા સોનાનું કુલ મૂલ્ય અમેરિકાના ટ્રેઝરી બોન્ડમાં તેમના રોકાણ કરતાં વધી ગયું છે. સેન્ટ્રલ બેંકો પાસે સોનાનો ભંડાર લગભગ ૪ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે, જ્યારે અમેરિકન ટ્રેઝરીમાં તેમનું રોકાણ ૩.૫ અબજ ડોલર છે. સોનું યુરોને પાછળ છોડીને યુએસ ડોલર પછી બીજા ક્રમનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય અનામત મૂલ્ય બન્યું છે. ૨૦૨૨ માં અમેરિકા દ્વારા ૪૦૦ અબજ ડોલરની રશિયન સંપત્તિ સ્થગિત કર્યા પછી કેન્દ્રીય બેંકોને ડોલર પર વિશ્વાસ ઊઠી ગયો હોવાથી તેમણે સોનાની ખરીદીને વેગ આપ્યો ત્યાર બાદ આ ફેરફાર આવ્યો છે. સતત ત્રણ વર્ષ સુધી કેન્દ્રીય બેંકોએ વાર્ષિક ૧,૦૦૦ ટનથી વધુ સોનું ખરીદ્યું છે. સોનાના ઊંચા ભાવ હોવા છતાં સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં આ રકમ વધુ ૬૩૪ ટન થઈ ગઈ છે. સોનાના ભંડારમાં વધારો કરવાથી કેન્દ્રીય બેંકોને ડોલર પરની તેમની નિર્ભરતા ઘટાડવામાં અને ડોલર આધારિત સંપત્તિઓ સાથે સંકળાયેલાં જોખમો ઘટાડવામાં મદદ મળે છે.

જો ડોલરની વિશ્વસનીયતા નબળી પડે તો વધુ સોનું કુલ વિદેશી હૂંડિયામણ અનામતને સ્થિર કરવામાં પણ મદદ કરે છે. નીતિગત અનિશ્ચિતતા, વધતા અમેરિકન દેવાં અને ભૂ-રાજકીય તણાવ વચ્ચે વિશ્લેષકો માને છે કે કેન્દ્રીય બેંકો ધીમે ધીમે ડોલર પરની તેમની નિર્ભરતા ઘટાડી રહી છે અને સોનામાં તેમનો હિસ્સો વધારી રહી છે. આનાથી વૈશ્વિક નાણાંકીય વ્યવસ્થામાં વધુ વિવિધતા આવી શકે છે. અમેરિકાનું દેવું ૩૮ ટ્રિલિયન ડોલર પર પહોંચી ગયું છે, જેને કોઈ રીતે ભરપાઈ કરી શકાય તેમ નથી. દુનિયાના દેશો અમેરિકાના ટ્રેઝરી બોન્ડ વેચી રહ્યા છે, જેનો અર્થ થાય છે કે હવે અમેરિકાનું દેવું ખરીદવા કે તેને નાણાં ધીરવા કોઈ તૈયાર નથી. પરિસ્થિતિ એવી પેદા થઈ છે કે અમેરિકાનું ફેડરલ રિઝર્વ જ સરકારના ટ્રેઝરી બોન્ડ ખરીદવા નવા ડોલર પેદા કરી રહ્યું છે. ભારતે ૨૦૧૮ થી ધીમે ધીમે તેના સોનાના ભંડારમાં વધારો કરવાનું શરૂ કર્યું. રશિયા અને ચીનથી વિપરીત ભારતે ૨૦૨૪ સુધી અમેરિકન સરકારના ટ્રેઝરી બોન્ડમાં ભારે રોકાણ કરવાનું ચાલુ રાખ્યું હતું. આનો હેતુ વિકાસશીલ અર્થતંત્રમાં વધારાની વિદેશી મૂડીનો પ્રવાહ લાવવાનો હતો. ચીને ડી-ડોલરાઇઝેશન નીતિના ભાગ રૂપે અમેરિકન દેવાંના તેના હોલ્ડિંગમાં ઝડપથી ઘટાડો કર્યો હતો. જો કે, ૨૦૨૬ ની શરૂઆતમાં, ભારતે પણ પોતાનું વલણ બદલી નાખ્યું હતું. અમેરિકાના ટ્રેઝરી બોન્ડમાં ભારતનું હોલ્ડિંગ હવે ૨૧ ટકા છે. વૈશ્વિક નાણાંકીય જોખમો સામે રક્ષણ મેળવવા માટે ભારતે હવે સોના અને અન્ય નોન-ડોલર સંપત્તિઓમાં રોકાણ વધાર્યું છે.

સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ચીનના કુલ આંતરરાષ્ટ્રીય અનામતમાં સોનાનો હિસ્સો ૭.૬ ટકા હતો. રશિયાના આંતરરાષ્ટ્રીય અનામતમાં સોનાનો હિસ્સો ૪૧.૩ ટકા હતો, જ્યારે ભારતના કુલ આંતરરાષ્ટ્રીય અનામતમાં સોનાનો હિસ્સો ૧૩.૫૭ ટકા હતો. રશિયાએ ૨૦૨૪ માં તેના બ્રિક્સ પ્રમુખપદ દરમિયાન બ્રિક્સ ક્રોસ-બોર્ડર પેમેન્ટ્સ ઇનિશિયેટિવ (BCBPI) નો પ્રસ્તાવ મૂક્યો હતો. આ વ્યવસ્થાનો ઉદ્દેશ સભ્ય દેશો વચ્ચે તેમનાં રાષ્ટ્રીય ચલણોમાં વેપારને સરળ બનાવવા અને અમેરિકન ડોલર-આધારિત નાણાંકીય વ્યવસ્થા પરની તેમની નિર્ભરતા ઘટાડવાનો છે. વિશ્લેષકો માને છે કે આ વલણ ચાઇનીઝ રેનમિન્બી (ચીની ચલણ) ના વ્યાપક આંતરરાષ્ટ્રીય ઉપયોગ માટે નવી તકો પણ ઊભી કરે છે. ચીનના વધતા સોનાના ભંડારને વૈશ્વિક નાણાંકીય વ્યવસ્થામાં રેન્મિન્બીની વધતી ભૂમિકામાં વિશ્વાસ મજબૂત બનાવવા તરીકે જોવામાં આવે છે.

બ્રિક્સ ખાસ કરીને વિશ્વના બે સૌથી મોટા ઉત્પાદક દેશો ચીન અને રશિયા માટે તેમના સોનાના ભંડારમાં વધારો કરવો એ નવી વાત નથી. ૨૦૦૮ ની વૈશ્વિક નાણાંકીય કટોકટી પછી બંને દેશોએ તેમના સોનાના ભંડારમાં વધારો કરવાનું શરૂ કર્યું. તે કટોકટીએ અમેરિકાની બેંકિંગ સિસ્ટમની નબળાઈઓ ઉજાગર કરી અને ઊભરતાં અર્થતંત્રોને ડોલર-મૂળભૂત સંપત્તિઓમાં રોકાણ સાથે સંકળાયેલાં જોખમો પર પુનર્વિચાર કરવાની ફરજ પાડી હતી. જો કે, બંને દેશોના અભિગમો અલગ રહ્યા છે. રશિયાએ મોટા પાયે અને સતત ખરીદીની નીતિ અપનાવી છે. યુક્રેન પરના આક્રમણ અને વ્યાપક પશ્ચિમી પ્રતિબંધો વચ્ચે, ૨૦૨૨ માં રશિયાના સોનાના ભંડાર ટોચ પર પહોંચ્યા. આ પછી રશિયાનો અનામત જથ્થો મોટા ભાગે સ્થિર રહ્યો. ૨૦૨૫ માં રશિયાએ તેના સ્થાનિક બજેટ ખાધને પહોંચી વળવા માટે તેના સોનાના ભંડારનો એક ભાગ વેચી દીધો હોવાના અહેવાલ છે. ચીનનું વલણ વ્યૂહાત્મક અને ભાવ-આધારિત હતું. પીપલ્સ બેંક ઓફ ચાઇના સામાન્ય રીતે જ્યારે આંતરરાષ્ટ્રીય સોનાના ભાવ ઘટે છે ત્યારે સોનાની ખરીદીમાં વધારો કરે છે.

ચીનની અત્યાર સુધીની સૌથી મોટી વાર્ષિક ખરીદી ૨૦૧૫ માં ૭૦૮.૨૨ ટન હતી. આ ખરીદી યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ૨૦૧૩ માં તેના બોન્ડ-ખરીદી કાર્યક્રમ, જેને સામાન્ય રીતે ટેપર ટેન્ટ્રમ તરીકે ઓળખવામાં આવે છે, તેને ધીમે ધીમે ઘટાડવાની જાહેરાત બાદ થઈ હતી. ૨૦૨૩ પછી ચીને તેના સોનાના સંચયમાં ઘટાડો કર્યો, પરંતુ ઓછી માત્રામાં ખરીદી કરવાનું ચાલુ રાખ્યું. આ સૂચવે છે કે ચીન તેના સોનાના ભંડાર વધારવાની લાંબા ગાળાની વ્યૂહરચના માટે પ્રતિબદ્ધ છે.

ડી-ડોલરાઇઝેશન વચ્ચે વૈશ્વિક અનામત સોના તરફ વળી રહી છે. રશિયાએ લંડન મેટલ એક્સચેન્જ જેવા પશ્ચિમી પ્લેટફોર્મના વિકલ્પ તરીકે બ્રિક્સ પ્રિશિયસ મેટલ્સ એક્સચેન્જ બનાવવાની દરખાસ્ત કરી છે. તેનો હેતુ વેપારને પ્રતિબંધોની અસરોથી બચાવવાનો છે. જો કે, ૨૦૨૫ માં બ્રાઝિલમાં યોજાયેલા બ્રિક્સ સમિટ સુધી આ દરખાસ્ત પર કોઈ નક્કર પ્રગતિ થઈ ન હતી. આનું એક કારણ ચીનની હાલની સોનાની બજાર વ્યવસ્થા હોવાનું માનવામાં આવે છે. ચીન પહેલાંથી જ રેનમિન્બી-સંપ્રદાયના શાંઘાઈ ગોલ્ડ એક્સચેન્જનું સંચાલન કરે છે અને હોંગકોંગમાં પ્રમાણિત બુલિયન વોલ્ટ ધરાવે છે. હોંગકોંગમાં આંતરરાષ્ટ્રીય સોનાના વેપાર કેન્દ્રની સ્થાપના કરવાની પણ યોજના છે. તેથી, ચીન માટે નવા BRICS એક્સચેન્જ બનાવવા કરતાં વૈશ્વિક બુલિયન બજારમાં તેની સ્થાપિત ભૂમિકાનો ઉપયોગ કરવો વધુ વ્યવહારુ માનવામાં આવે છે.

રશિયા ૨૦૨૨ થી બ્રિક્સ બાસ્કેટ-આધારિત અનામત ચલણનો સૌથી વધુ સમર્થક રહ્યો છે. આમાં સોના અથવા અન્ય કોમોડિટીઝ સાથે સંકળાયેલા ચલણ માટેનાં સૂચનો પણ સામેલ છે. જો કે, આ બધા પ્રસ્તાવો હાલમાં ચર્ચાના તબક્કામાં છે. વધુ વ્યાપક રીતે, આર્થિક વિકાસ સ્તરો, નીતિગત પ્રાથમિકતાઓ અને વિદેશ નીતિમાં તફાવતોને કારણે BRICS માં મર્યાદિત સંકલન છે. આ સ્થાનિક ચલણોમાં વેપાર વધારવાના પ્રયાસોને અસર કરે છે, જે મોટા ભાગે વેપાર સંતુલન અને પ્રવાહિતાની ઉપલબ્ધતા પર આધાર રાખે છે. ભારત અને ચીન વચ્ચેની ૧૦૨.૫ અબજ ડોલરની વેપાર ખાધ આ પડકારને સ્પષ્ટપણે દર્શાવે છે. જો દ્વિપક્ષીય વેપાર રૂપિયામાં કરવામાં આવે તો ચીન મર્યાદિત આંતરરાષ્ટ્રીય ઉપયોગ સાથે મોટી માત્રામાં ચલણ એકઠું કરશે.

ચીનના વધતા સોનાના ભંડારથી રેન્મિન્બીની સ્થિરતા અને વિશ્વસનીયતા અંગેની ધારણાઓ મજબૂત થઈ છે. ૨૦૦૯ માં ચીને રેન્મિન્બીનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાનો કાર્યક્રમ શરૂ કર્યો ત્યારથી, પીપલ્સ બેંક ઓફ ચાઇનાએ ૩૨ દ્વિપક્ષીય સ્થાનિક ચલણ વિનિમય કરારો કર્યા છે. તેમનું કુલ મૂલ્ય લગભગ ૪.૫ અબજ યુઆન છે, જેમાંથી લગભગ અડધાં એશિયન અર્થતંત્રો સાથેના કરારો છે. આ ભાગીદાર દેશોમાંથી ૧૫ ચીન સાથે કોમોડિટીઝનો વેપાર કરે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

૨૦૨૨ માં અમેરિકા દ્વારા ૪૦૦ અબજ ડોલરની રશિયન સંપત્તિ સ્થગિત કર્યા પછી કેન્દ્રીય બેંકોનો ડોલર પરનો વિશ્વાસ ઊઠી ગયો હોવાથી તેમણે સોનાની ખરીદીને વેગ આપ્યો છે

BUSINESS મિત્ર

ભૂરાજકીય તનાવ વચ્ચે શેરબજારમાં ચાલુ રહેલી નબળાઇ

સેન્સેક્સ ૧૦૬૬ પોઇન્ટ તૂટીને ૮૩૦૦૦ની નીચે

BSE સેન્સેક્સ ૧,૦૬૫.૭૧ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા તૂટીને ૮૨,૧૮૦.૪૭ પર બંધ

NSE નિફ્ટી ૩૫૩ પોઈન્ટ અથવા ૧.૩૮ ટકા ઘટીને ૨૫,૨૩૨.૫૦ પર બંધ

વૈશ્વિક ચિંતાઓ અને એફઆઇઆઇના બહાર ખેંચાતા પ્રવાહના દબાણ હેઠળ ચોતરફ વેચવાલી

મુંબઈ, તા. ૨૦(PTI): વૈશ્વિક બજારોમાં નબળાઈ અને વધતા ભૂરાજકીય તણાવ વચ્ચે ચોતરફ વેચવાલીને કારણે મંગળવારે ઈક્વિટી બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧,૦૦૦ પોઈન્ટથી વધુ તૂટીને ૮૩,૦૦૦ની સપાટીની નીચે સરકી ગયો હતો.

આ ઉપરાંત, રૂપિયામાં સતત નબળાઈ અને વિદેશી ભંડોળના સતત આઉટફ્લોએ રોકાણકારોના સેન્ટિમેન્ટને નબળું પાડ્યું હતું, તેમ ટ્રેડર્સે જણાવ્યું હતું. અગાઉના દિવસના ઘટાડાને લંબાવતા, ૩૦ શેરો ધરાવતો BSE સેન્સેક્સ ૧,૦૬૫.૭૧ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા તૂટીને ૮૨,૧૮૦.૪૭ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૨૩૫.૬ પોઈન્ટ અથવા ૧.૪૮ ટકા ઘટીને ૮૨,૦૧૦.૫૮ સુધી પહોંચી ગયો હતો. BSE પર કુલ ૩,૫૦૩ શેરોમાં ઘટાડો નોંધાયો હતો જ્યારે ૭૮૦ વધ્યા હતા અને ૧૧૯ યથાવત રહ્યા હતા. ૫૦ શેરો ધરાવતો NSE નિફ્ટી ૩૫૩ પોઈન્ટ અથવા ૧.૩૮ ટકા ઘટીને ૨૫,૨૩૨.૫૦ પર બંધ થયો હતો.

રેલિગેર બ્રોકિંગ લિમિટેડના રિસર્ચ એસવીપી અજીત મિશ્રાએ જણાવ્યું હતું કે, બજારે મંગળવારે પોતાની નબળાઈ જાળવી રાખી હતી અને વ્યાપક વેચવાલી તેમજ નબળા વૈશ્વિક સંકેતોને કારણે ઘટાડા સાથે બંધ રહ્યા હતા. મિશ્ર કોર્પોરેટ કમાણી અને ભૂરાજકીય તણાવ તેમજ વૈશ્વિક વેપાર વિકાસને આસપાસની નવી ચિંતાઓને કારણે બજારનું સેન્ટિમેન્ટ નબળું રહ્યું હતું. વિદેશી સંસ્થાકીય વેચાણની સાથે નબળા કરન્સી વાતાવરણે રોકાણકારોના આત્મવિશ્વાસને વધુ નબળો પાડ્યો અને સમગ્ર સત્ર દરમિયાન જોખમ લેવાની વૃત્તિ મર્યાદિત રાખી હતી.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ઈટરનલમાં ૪.૦૨ ટકાનો ઘટાડો થયો હતો, ત્યારબાદ બજાજ ફાઈનાન્સ (૩.૮૮ ટકા), સન ફાર્મા, ઈન્ટરગ્લોબ એવિએશન, ટ્રેન્ટ, એશિયન પેઈન્ટ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજ ફિનસર્વનો સમાવેશ થાય છે. એચડીએફસી બેંક આ પેકમાંથી એકમાત્ર વધનાર શેર તરીકે ઉભરી આવી હતી. BSE સ્મોલકેપ ઈન્ડેક્સ ૨.૭૪ ટકા અને મિડકેપ ઈન્ડેક્સ ૨.૫૨ ટકા ઘટ્યો હતો. રિયલ્ટીમાં ૫.૨૧ ટકા, સર્વિસિસમાં ૨.૮૯ ટકા, કેપિટલ ગુડ્સમાં ૨.૭૬ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રીશનરીમાં ૨.૭૩ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં ૨.૭૧ ટકા, ટેલિકોમ્યુનિકેશનમાં ૨.૪૨ ટકા, ઓટોમાં ૨.૩૬ ટકા અને પાવરમાં ૨.૨૩ ટકાનો ઘટાડો થયો હતો.

આશિકા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝ મુજબ, "વધતા વૈશ્વિક વેપાર તણાવ અને સતત વિદેશી મૂડીના આઉટફ્લોને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ દબાયેલું હતું. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા યુરોપિયન રાષ્ટ્રો પર નવા ટેરિફ લાદવાની ધમકી આપ્યા પછી ચિંતાઓ ફરી સપાટી પર આવી છે, જેનાથી વૈશ્વિક વેપારમાં વિક્ષેપની આશંકા જન્મી છે. તે જ સમયે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચાણથી સ્થાનિક ઈક્વિટીમાં ઘટાડાનું દબાણ વધ્યું છે. વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતા અને ઘટતા ઈક્વિટી બજારોએ રોકાણકારોને સોના અને ચાંદી જેવી સુરક્ષિત અસ્કયામતો તરફ વળવા પ્રેરીત કર્યા છે, જે રેકોર્ડ ઊંચી સપાટીએ ટ્રેડ થઈ રહ્યા છે."

એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈ કમ્પોઝિટ અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ રહ્યો હતો. યુરોપના બજારો ૧ ટકાથી વધુ નીચે ટ્રેડ થઈ રહ્યા હતા. અમેરિકી બજારો સોમવારે રજા હોવાને કારણે બંધ હતા. એનરિચ મનીના સીઈઓ પોનમુડી આર.એ જણાવ્યું હતું કે, અમેરિકી વહીવટીતંત્ર દ્વારા વિદેશ નીતિના સાધન તરીકે ટેરિફનો આક્રમક અને ઘણીવાર અણધાર્યો ઉપયોગ વૈશ્વિક બજારના સહભાગીઓમાં વ્યાપક અજંપો પેદા કરી રહ્યો છે, જેનાથી નાણાકીય બજારોમાં ભારે અસ્થિરતા આવી છે. ગ્રીનલેન્ડ પર અંકુશ મેળવવાના અમેરિકી પગલાનો વિરોધ કરનારા યુરોપિયન રાષ્ટ્રો પર વધારાના ટેરિફ લાદવાની રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી ધમકીઓએ વૈશ્વિક ઈક્વિટી વેચાણનો બીજો તબક્કો શરૂ કર્યો છે, જેમાં ભારતીય બજારોમાં પણ વ્યાપક દબાણ જોવા મળી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય શેરબજાર આજનું સત્ર નિર્ણાયક રીતે નકારાત્મક રીતે સમાપ્ત થયું છે, જે નબળા વૈશ્વિક સંકેતો અને સાવધ રોકાણકારોની સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FII) સોમવારે ૩,૨૬૨.૮૨ કરોડ રૂપિયાની ઈક્વિટી વેચી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ (DII) ૪,૨૩૪.૩૦ કરોડ રૂપિયાના શેરની ખરીદી કરી હતી. વૈશ્વિક તેલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૯ ટકા વધીને ૬૩.૯૧ ડોલર પ્રતિ બેરલ થયું હતું. સોમવારે સેન્સેક્સ ૩૨૪.૧૭ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૮૩,૨૪૬.૧૮ પર બંધ થયો હતો. નિફ્ટી ૧૦૮.૮૫ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા ઘટીને ૨૫,૫૮૫.૫૦ પર રહ્યો હતો.

ફોરેક્સ બજાર

ડોલર	91.00 રૂ.
યુરો	106.73 રૂ.
પાઉન્ડ	122.33 રૂ.
યેન	0.57628 રૂ.

રૂપિયો ૭ પૈસા ઘટીને ૯૦.૯૭ની વિક્રમી નીચી સપાટીએ બંધ

ઇન્ટ્રાડેમાં ૯૧.૦૬ સુધી નીચો ગયો, બાદમાં થોડો સુધરીને અત્યાર સુધીની સૌથી નીચી સપાટીએ બંધ

રિઝર્વ બેન્કના હસ્તક્ષેપને કારણે વધુ મોટો ઘટાડો અટક્યો હોવાના અહેવાલ

મુંબઈ, તા. ૨૦(PTI): મેટલ આયાતકારો તરફથી ડોલરની મજબૂત માંગ અને સતત વિદેશી ભંડોળના બહાર ખેંચાવાને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર પહોંચતા, મંગળવારે અમેરિકી ડોલર સામે રૂપિયો ૭ પૈસા ઘટીને ૯૦.૯૭ની રેકોર્ડ નીચલી સપાટીએ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે, અમેરિકાના વિસ્તરણવાદી સંકેતો સહિત વધતી જતી ભૂરાજકીય અનિશ્ચિતતાઓએ જોખમ ટાળવાની વૃત્તિ વધારી છે અને ઉભરતા બજારોના ચલણો પર દબાણ જાળવી રાખ્યું છે. વધુમાં, વિદેશી મૂડીના પ્રવાહને કારણે ઘરેલું શેરબજારમાં જોવા મળેલી સુસ્તીએ સ્થાનિક ચલણ પર વધુ બોજ નાખ્યો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જમાં રૂપિયો ૯૦.૯૧ પર ખુલ્યો હતો અને દિવસ દરમિયાન નબળો પડીને ૯૧.૦૬ ની સપાટીએ પહોંચ્યો હતો, અને અંતે અમેરિકી ચલણ સામે ૯૦.૯૭ (પ્રોવિઝનલ) ની અત્યાર સુધીની સૌથી નીચલી સપાટીએ બંધ થયો હતો. સોમવારે રૂપિયો ૧૨ પૈસા ઘટીને ૯૦.૯૦ પર બંધ રહ્યો હતો. અગાઉ ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ રૂપિયાએ ૯૧.૧૪ ની ઈન્ટ્રા-ડે નીચલી સપાટી અને ૯૦.૯૩ ની અગાઉની રેકોર્ડ નીચલી સપાટી નોંધાવી હતી.

મીરા એસેટ શેરખાનના રિસર્ચ એનાલિસ્ટ અનુજ ચૌધરીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક બજારોમાં જોખમ અને સતત FII (વિદેશી સંસ્થાકીય રોકાણકારો) ના આઉટફ્લોને કારણે ભારતીય રૂપિયો નકારાત્મક વલણ સાથે ટ્રેડ થયો અને ૯૧ ના સ્તરની નીચે સરકી ગયો હતો. જો કે, નબળા ડોલર અને આરબીઆઈ (RBI) ના હસ્તક્ષેપને કારણે રૂપિયામાં મોટો ઘટાડો અટક્યો હતો. ચૌધરીએ વધુમાં નોંધ્યું હતું કે, વિદેશી ભંડોળનો પ્રવાહ બહાર જવાને કારણે અને ગ્રીનલેન્ડ અંગે અમેરિકાના વલણને લીધે વૈશ્વિક બજારોમાં જોવા મળતી અનિશ્ચિતતાને કારણે રૂપિયો નકારાત્મક વલણ સાથે ટ્રેડ